# ધો-૧૦ની પરીક્ષાનુ આગામી ૨૧મીએ પરિણામ જાહેર થશે

**જિલ્લામાંથી ૩૩૦૦૮ વિદ્યાર્થીઓ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી : બોર્ડ પરીક્ષાના પરિણામની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતાનો અંત**

ગાંધીનગર તા ૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૯ માં લેવાયેલી બોર્ડ પરીક્ષાનુ આગામી તા ૨૧ મેં ના રોજ પરિણામ જાહેર થશે. જિલ્લામાંથી ૩૩૦૦૮ વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ ધો -૧૦નુ પરિણામ પણ ટુંકમાં જાહેર કરાશે. બોર્ડ પરીક્ષાના પરિણામની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૯ માં લેવાયેલી ધો -૧૦ ની બોર્ડ પરીક્ષાનુ આગામી તા ૨૧ મેં ના રોજ પરિણામ જાહેર કરાશે. સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૩૩૦૦૮ વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ ધો -૧૦ ની પરીક્ષાના પરિણામ અંગે જાહેરાત થતા વાલીઓ અને વિદ્યાર્થીઓની ઈન્તેજારીનો અંત આવી ગયો છે. આ વર્ષે બોર્ડની પરીક્ષા દરવર્ષ કરતા વહેલી શરૂ થઈ હતી. જયારે પરિણામ પણ વહેલુ જાહેર કરવામાં આવશે. સામાન્ય રીતે ધો -૧૦ નુ પરિણામ જુનના પ્રથમ સપ્તાહમાં જાહેર કરવામાં આવે છે. પરંતુ પરીક્ષાના સમયમાં ફેરફારની સાથે પરિણામ પણ વહેલુ જાહેર કરાશે.

ધો -૧૦ માં જિલ્લામાંથી ૩૩૩૦૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધો -૧૦ ની બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક પરીક્ષા કેન્દ્રો પર સી સી કેમેરા લગાવાયા હતા. આ ઉપરાંત સ્કોવોર્ડના સભ્યોની ટીમે પણ રાઉન્ડ લીધો હતો. પરીક્ષા દરમિયાન મોટાભાગના વિષયોની કસોટી વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઈ હતી. પરીક્ષા દરમિયાન સી સી કેમેરાની વોચની સાથે ગેરરીતીને ટાળવા માટે તમામ તકેદારી રાખવામાં આવી હતી. જયારે થોડા સમય અગાઉ જ સી સી કેમેરાના ફુટેજનુ પણ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. જેના અંતે અંદાજિત ૨૯ જેટલા વિદ્યાર્થીઓ કોપી કરતા માલુમ પડ્યા હતા. જેનો રીપોર્ટ પણ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા બોર્ડને સુપ્રત કરી દેવાયો છે. જયારે હવે પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓની તમામ ઉત્સુકતાનો અંત આવશે. ધો -૧૦ બાદ આગળ અભ્યાસની લાઈન નક્કી કરવાની હોવાથી આ પરિણામ પ્રવેશ પ્રક્રીયા કરતા શૈક્ષણિક કારકીર્દીને દીશા આપવા માટે મહત્વનુ પુરવાર થાય છે. બોર્ડના પરીક્ષા સચિવે આ અંગે જણાંવ્યા મુજબ આગામી તા ૨૧ મેં ના રોજ સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર થશે. સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનુ પરિણામ પણ જાહેર કરાશે.

# વિધાનસભાનું અંદાજપત્ર સત્ર બીજી જુલાઈથી

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આગામી બીજી જુલાઈથી ૨૫ જુલાઈ દરમ્યાન મળશે.

આજે રાજયમંત્રી મંડળની બેઠકમાં ચર્ચા થયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગેનું આહ્‌વાન જારી કરવાની ભલામણ રાજયપાલશ્રીને મોકલવામાં આવશે.

રાજ્ય સરકારે ફેબ્રુઆરીમાં ત્રણ મહિના માટેનું લેખાનુદાન અંદાજપત્ર રજુ કર્યુ હતુ. જ્યારે લોકસભાની ચૂંટણીઓ બાદ પૂર્ણ બજેટ રજુ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

રાજ્યમંત્રીમંડળની બેઠકમાં આ સત્ર દરમ્યાન રજુ થનારા સરકારી વિધેયકો તેમજ કેટલાક સુધારા વિધેયકો અંગે ચર્ચાઓ કરાઈ હતી. વિભાગોને નવી યોજનાઓ અંગેની વિગતો પણ તાત્કાલિક અર્થાત આ માસના અંત સુધીમાં નાણાં વિભાગને મોકલી આપવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાનું આ અંદાજપત્ર સત્ર જે ૨૩ દિવસ ચાલશે તેમાં ૧૨ દિવસ વિભાગો પરની માંગણીઓ પર ચર્ચાઓ કરી મંજૂર કરવામાં આવશે. જ્યારે બે દિવસ બજેટ પરની સામાન્ય ચર્ચાઓ થશે.

વિધાનસભાના આ સત્ર દરમ્યાન દુષ્કાળ સહિતના મુદ્દાઓ પર વિપક્ષ હલ્લાબોલ કરશે તેમ મનાઈ રહ્યુ છે. જોકે સરકારે પણ આ અંગે પુરતી તૈયારીઓ આરંભી દીધી છે.




લાકડાના ભારાનો ભાર - તસવીર ગ્રામીણ વિસ્તારની નથી... પણ પાટનગરની છે... જ્યાં વાયબ્રન્ટ સમિટ નિર્દેશીત બેરીકેટ પાસેથી પસાર થતી આ મહિલાઓની તસવીર ઘણો મોટો સંદેશા આપી જાય છે... વિકાસનું સાચુ ચિત્ર પણ આપે છે... એલ.પી.જી. ગેસ ગરીબોને પહોંચાડાયો છે... એના આંકડાની પોલ પણ ખોલે છે... અને ધોમધખતા તાપમાં શ્રમિક મહિલાઓ ઘરમાં ચુલો સળગાવવા માટે લાકડા વિણવા કેટકેટલું ફરીને લાકડાનો ભારો માથે ઉંચકીને ઘરે પહોંચે છે... તસવીરમાં ભલે પ્રશ્ન નથી દેખાતો પણ પ્રશ્ન જરૂર ઉઠે છે કે, વાયબ્રન્ટ ગુજરાતની દમદાર સમિટ પછી પણ હજુ પાટનગરના પાદરમાં આવા દશ્યો... ગરીબોને ગેસ કનેક્શન પહોંચાડવાના જોરશોરથી થતા દાવાઓની વચ્ચે પણ આ જ વાસ્તવિકતા નજરે પડે છે...

## સે-૨૪માં મોટરથી પાણી ખેંચવાની હરકત સામે પગલા લેવાશે

ગાંધીનગર તા ૧૫

શહેરના સે-૨૪ માં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદના પગલે કોર્પોરેશનના સત્તાધીશોએ આ વિસ્તારની સ્થળ મુલાકાત લઈ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. આ દરમિયાન આ વિસ્તારમાં સ્થાનિકો દ્વારા મોટરથી પાણી ખેચવાની પ્રવૃતિ ફુલીફાલી હોવાની સાથે પાણીનો બગાડ પણ વિશેષ થતુ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. સે-૨૪ માં બોરની સમસ્યાના લીધે પાણી ફોર્સથી ન આવતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ મામલે સ્થાનિક નગર સેવકોએ પાટનગર યોજના વિભાગના અધિકારીઓને પણ આ ક્ષતિ દુર કરવા માટે પણ જણાંવ્યુ હતુ. જયારે સેકટરમાં ફલેટમાં મોટર મુકીને પાણી ખેંચવાની પ્રવૃતિને અટકાવવા માટે પણ જણાંવાયુ હતુ. કોર્પોરેશનના સત્તાધીશો તેમજ સંબંધિત અધિકારીઓએ સે-૨૪ માં પાણીના પ્રશ્ને રૂબરૂ મુલાકાત લેતા પાણીનો બગાડ થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. શહેરમાં પુરતા પાણી પુરવઠાનો સપ્લાય કરવામાં આવે છે. અલબત્ત જરૂરિયાત સામે વધુ પાણી સપ્લાય થાય છે છતા મોટર મુકીને પાણી ખેંચવા સહીત પાણીનો બેફામ બગાડ થતો હોવાથી પાણીની સમસ્યા વધુ જટીલ બનતી જતી હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. ત્યારે મોટરથી પાણી ખેંચવા બદલ પણ પગલા લેવાશે.

## સેકટર-૨૪ની ઘટના બાદ જળ વ્યવસ્થાપન અંગે તંત્ર હરકતમાં આવ્યુ

**પ્રભારી સચિવની બેઠકમાં સે. ૬ સહિત વિવિધ સેક્ટરોની ફરિયાદને લઈ તંત્રને ટપાર્યુ હતુ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪માં પાણીના મુદ્દે બનેલ ઘટના પછી આજે તંત્ર હરકતમાં આવ્યુ હતુ અને આ સેક્ટરમાં પાણીનો વેડફાટ કરતા તેમજ ગેરકાયદે મોટરો મુકનારા સામે પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરતાં આજે પુરવઠો મળ્યો હતો.

મેયરની કચેરીએ આજે એક અખબારી યાદીમાં ૨૪ કલાકમાં જ પાણીની સમસ્યા ઉકલી ગઈ હોવાનો દાવો કર્યો છે. આ યાદીમાં તંત્ર દ્વારા લેવાયેલા પગલાંઓ અંગેની વાતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જો કે ગાંધીનગર શહેરના સે. ૬, સે. ૩ તેમજ કેટલાક જુના સેક્ટરોમાં પણ પાણી પુરા ફોર્સથી ન મળતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

મળતી વિગતો મુજબ તાજેતરમાં પ્રભારી સચિવશ્રીના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં પણ સે. ૬ સહિત કેટલાક સેક્ટરોના પાણીના ફોર્સના પ્રશ્નોનો પડઘો પડ્યો હતો. જોકે પ્રભારી સચિવશ્રીએ વિતરણ વ્યવસ્થા તેમજ ગાંધીનગર શહેરમાં થતા લીકેજીસ અંગે જરૂરી પગલાં લેવા કડક તાકીદ કરી હતી.

શહેરમાં પાણીનો થતો વેડફાટ અટકાવવા માટે વિજીલન્સની ટીમો બનાવવા પર તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે અને એકાદ સપ્તાહમાં આ અંગેનો નિર્ણય લેવાઈ જશે તેમ જાણવા મળેલ છે.

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ઈલેક્ટ્રીક બસો દોડશે

**ઇલેક્ટ્રીક બસો શરૂ કરવા માટે ડેપોમાં ૧૬ હજાર કીલો વોટનુ યુનિટ ઉભુ કરાશે : ગાંધીનગર શહેરી બસના રૂટમાં ટુંકમાં ઇલેક્ટ્રીક બસો દોડતી થશે : પ્રદુષણ સહીતની સમસ્યા હળવી થશે : ચાર્જીંગ યુનિટ માટે અધિકારીઓએ સ્થળ નિરિક્ષણ પણ કર્યુ**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર એસ ટી ડેપોને હવે ટુંકમાં નવી ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં આવશે. બેટરી સંચાલિત બસોનુ સંચાલન કરવા માટે પણ એસ ટી ડેપોએ જરૂરી તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે બેટરી ચાર્જીંગ માટે ૧૬ હજાર કિલો વોટનુ યુનિટ સ્થાપવા માટે નિગમે ટોરેન્ટને દરખાસ્ત પણ કરી દીધી છે. ગાંધીનગર અમદાવાદના શહેરી બસ સેવાના રૂટમાં આગામી દિવસોમાં બેટરી સંચાલિત બસો દોડતી થશે જેના લીધે પ્રદુષણ સહીતની સમસ્યાનો અંત આવશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં કિલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસ નથી. અગાઉ પ્રદુષણ અને ધુમાડા ઓકતી બસો વિશેષ જોવા મળતી હતી. પરંતુ તબક્કાવાર એસ ટી ડેપોને નવી બસો ફાળવવામાં આવતા હવે નવી ડિઝલ બસો વધુ જોવા મળી રહી છે. થોડા સમય અગાઉ એસ ટી ડેપોને નવી બસો ફાળવવામાં આવી ત્યારે પણ વાહન વ્યવ્હાર મંત્રીએ ઈલેક્ટ્રીક બસો ફાળવવાની જાહેરાત કરી હતી. જેથી રાજયમાં પ્રદુષણનુ પ્રમાણ ઘટવાની સાથે ઈંધણની પણ બચત થઈ શકે. નગરના એસ ટી ડેપોમાં આગામી દિવસોમા ઈલેકટ્રીક બસો દોડતી થશે તેવા સંકેતો મળી રહ્યા છે. આ માટે એસ ટી ડેપો તંત્રએ જરૂરી તૈયારી હાથ ધરવાની ગતિવિધિઓ પણ આરંભી દીધી છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા માટે ઈલેટ્રીક બસો દોડાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. અગાઉ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન એકઝીબીશનમાં આ બસનુ મોડલ પણ રજુ કરાયુ હતુ. જયારે હવે આ મામલે આગળની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર ડેપોમાં આ ઈલેક્ટ્રીક બસનુ સંચાલન કરવા માટે યુનિટ ઉભુ કરવાની તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે. એસ ટી ડેપો દ્વારા આ બેટરી સંચાલિત બસોના સંચાલન માટે ૧૬ હજાર કિલો વોલ્ટના યુનિટને તૈયાર કરવા માટે ટોરેન્ટને દરખાસ્ત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કિસાન આઈ પોર્ટલ પર એક જ દિવસમાં ૧૭૦ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં ખેડૂત આઈ પોર્ટલ પર આજે એક જ દિવસમાં ૧૭૦ થી વધુ ખેડૂત અરજદારોએ કૃષિ વિભાગની વિવિધ યોજનાના લાભ લેવા માટેના લાભાર્થી તરીકે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. જે આ સિઝનમાં એક જ દિવસમાં થયેલ સૌથી વધુ રજીસ્ટ્રેશન છે.

કિસાન આઈ પોર્ટલ પર અરજીઓ કરવાની છેલ્લી તારીખ ૩૧ મે ૨૦૧૯ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૮૨૩ અરજીઓ કરવામાં આવી છે. જિલ્લામાં સૌથી વધુ દહેગામના ખેડૂતોએ લાભ મેળવવા માટે રસ દાખવ્યો છે જેની સંખ્યા ૩૧૬૩ જેટલી છે. જયારે આ પછી ગાંધીનગર તાલુકો આવે છે જ્યાં ૨૪૦૦થી વધુ ખેડૂત ખાતેદારોએ અરજી કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ખેડૂતો માટે આ પોર્ટલ પર ૭૦ જેટલી વિવિધ યોજનાઓ મુકવામાં આવી છે અને તેની મળનારી સહાયની જાણકારી પણ વિસ્તૃત રીતે આપવામાં આવી છે.

આજે જિલ્લાતંત્ર દ્વારા માણસા ખાતે આ કિસાન આઈ પોર્ટલને લઈ એક ખેડૂત સભાનું પણ આયોજન કરાયુ હતુ જેમાં ૭૦૦થી વધુ ખેડૂતો હાજર રહ્યા હતા.

જિલ્લામાં કિસાન આઈ પોર્ટલ પર મળેલ અરજીઓ પછી તેની ચકાસણી કર્યા બાદ તે અંગે વિવિધ યોજનાના લક્ષ્યાંકોને ધ્યાને રાખી ડ્રો કરી ખેડૂતોને લાભ આપવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.




શહેરની શરમકથા - સ્માર્ટ સિટીના બિરૂદ પામ્યા પછી પણ ગંદકીના જે દશ્યો ઠેર ઠેર જોવા મળે છે એ ખૂબ જ શરમજનક છે... માત્ર તંત્ર નહિ, માત્ર સફાઈ કામદારો નહિ પણ સમાજ પણ એટલો જ જવાબદાર આ ગંદકી માટે છે... આપણા ઘરનો કચરો ડસ્ટબીન કે સેક્ટરની કચરાપેટીમાં નાખવાનું ટાળીને જાહેર માર્ગો પર છાનેછુપી પધરવાની ગંદકી ફેલાવવાનું પાપ હજુ પણ પાટનગરમાં યથાવત છે... ક્યારે અટકશે, કેવી રીતે અટકશે... નગરના જનજીવન માટે ચિંતાજનક છે... એક એક નાગરિક, એક એક ગૃહિણી સ્વચ્છતાના શપથ લે અને સ્વચ્છતાને સંસ્કાર બનાવે તો જ આ દશ્યો ટાળી શકાશે... હદ થાય છે.. સો ટકા શિક્ષીત નગરમાં હજુ પણ સ્વચ્છતાના પાઠ અખબારના પાનેથી ભણાવાય અને શરમકથા આલેખાય એ નગર માટે કાળી ટીલી સમાન છે... સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ સોળે કળાએ ખીલેલા ગાંધીનગરમાં આવા ગંદકીના ખાબોચિયા ખૂંચે છે અને ખટકે છે... શહેરની સામાજીક સંસ્થાઓ, વસાહત મંડળો અને મહિલા સંસ્થાઓ સામુહિક રીતે સ્વચ્છતા અભિયાનને અગ્રતા આપે અને પોતાના કાર્યક્રમોમાં વણ લઈ અમલી બનાવે એવી અપેક્ષા જાગૃત નાગરિકો રાખી રહ્યા છે...

## ગાંધીનગર એન્જિયરીંગ કોલેજને જીટીયુએ કલોઝર નોટીસ ફટકારી

**રાજયની કોલેજોમાં ઇન્સ્પેકશનના અંતે ૧૯૦ કોલેજોમાં ઇન્ફાસ્ટ્રકચર તેમજ લેબોરેટરીની અપુરતી સુવિધાઓ ધ્યાને આવતા નોટીસ ફટકારાઇ**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર એન્જિનિયરીંગ કોલેજમાં અપુરતી માળખાગત સુવિધાઓ તેમજ સ્ટાફ અને સંખ્યાના અભાવે જી ટી યુ એ કલોઝર નોટીસ ફટકારી છે. રાજયની ૪૫૨ કોલેજોમાં જીટીયુ એ હાથ ધરેલા ઈન્સ્પેકશન દરમિયાન ૧૯૦ જેટલી કોલેજોમાં પણ ક્ષતિઓ ધ્યાને આવતા આગામી તા ૩૧ મેં સુધી આ ક્ષતિઓ નિવારવા માટે પણ જણાંવાયુ છે.

શિક્ષણની દ્રષ્ટીએ હાઈટેક બનતા ગાંધીનગરમાં અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ સહીત યુનિવર્સિટીઓ કાર્યરત છે. જયારે સ્થાનિક વિદ્યાર્થીઓ સહીત બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે પણ ગાંધીનગરમાં શિક્ષણ મેળવવાનુ હવે પ્રાયોરીટી બેઈઝ બની ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જેના લીધે શહેરના શૈક્ષણિક સંકુલોમાં પણ વિદ્યાર્થીઓનો ધમધમાટ નગરની આગવી ઓળખ બની ગયો છે. પરંતુ ગાંધીનગર એન્જિનિયરીંગ કોલેજમાં શિક્ષણના મામલે અપુરતા સ્ટાફ અને વિદ્યાર્થીઓની સંખ્યા સહીત માળખાગત સુવિધાઓનો ભારોભાર અભાવ જોવા મળતા આખરે અમદાવાદ જીટીયુએ ઈન્સ્પેકશનના અંતે આ કોલેજને કલોઝર નોટીસ ફટકારી છે. જીટીયુ દ્વારા રાજયમાં સંલગ્ન ૪૯૨ કોલેજોમાં ઈન્સ્પેકશન હાથ ધરાયુ હતુ. જેના અંતે રાજયની ૧૯૦ કોલેજોમાં સ્ટાફ, સુવિધાઓ તેમજ લેબોરેટરીની યોગ્ય જરૂરી સુવિધાઓનો અભાવ વર્તાતા આ કોલેજોને પણ જીટીયુએ નોટીસ આપી છે.

જયારે આગામી તા ૩૧ મેં સુધીમાં આ કોલેજોને ક્ષતિ સુધારવા માટે પણ નોટીસમાં જણાંવાયુ છે. રાજયની આ તમામ કોલેજોમાં આગામી દિવસોમાં ફરી એકવાર તપાસ હાથ ધરાશે. જીટીયુએ રાજયની બે એમ બી એ બે ફાર્મસી તેમજ એક અન્જિયરીંગ કોલેજોને કલોઝર નોટીસ આપી છે. જેમાં ગાંધીનગર એન્જિયરીંગ કોલેજનો પણ સમાવેશ થાય છે.

## આપત્તિ સામેની સજ્જતા જ આપત્તિ સામે લડવાનો ઉપાય

**ગાંધીનગરમાં સંભવિત આપતા સામે સજ્જતા અને પૂર્વ તૈયારી સંદર્ભે રાજ્યના વહીવટી તંત્ર દ્વારા ચિંતન કરાયું**



ગાંધીનગર, તા.૧૫

રાજ્યમાં આગામી ચોમાસા દરમિયાન અતિવૃષ્ટિ, પૂર, ચક્રવાત જેવી સંભવિત આપત્તિ અંગેની પૂર્વ તૈયારી અને સજ્જતા સંદર્ભે મુખ્ય સચિવ જેએન સિંઘ ના અધ્યક્ષ સ્થાને રાજ્ય વહીવટી તંત્ર દ્વારા સમુહ ચિંતન કરાયું હતું. આ બેઠકને સંબોધતા મુખ્ય સચિવ જે.એમ સિંઘે જણાવ્યું હતું કે આપત્તિ સામેની સજ્જતા જ આપત્તિ સામે લડવાનો શ્રેષ્ઠ ઉપાય છે. તેમણે રાજ્યના વહીવટી તંત્રના જુદા જુદા વિભાગો દ્વારા તૈયાર કરાયેલા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અને તેના અમલીકરણ સંદર્ભે વિશેષ ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આપત્તિ સામે આગોતરું આયોજન કરવાથી સંભવિત આપત્તિ દ્વારા થતા નુકસાનને હળવું કરી શકાય છે કે ટાળી શકાય છે. આ પ્રસંગે નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલે ચોમાસા દરમિયાન જીવન જરૂરિયાતની વિવિધ ચીજવસ્તુઓના પુરવઠાની જાળવણી કરવા ઉપર ભાર મૂક્યો હતો. જ્યારે મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે અગાઉના વર્ષોના અનુભવોમાંથી જે શીખવા મળ્યું તેનો સમાવેશ આગામી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનમાં કરવા ખાસ જણાવ્યું હતું.









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com